Thursday
30.03.2023
*Volume :7 * Issue No.240
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી

## નાનામાં નાના માનવીને વિકાસ યાત્રામાં જોડીને ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસનો સંવાહક-સાથીદાર-સહભાગી બનાવ્યો છે.

- **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે**
- **પ્રજાના પ્રચંડ સમર્થન-વહીવટી તંત્રના સક્રિય સહયોગ અને જનસેવાની સમર્પિત ભાવનાથી-સંવેદનશીલતાથી ગુજરાતને વિકાસનું રાહબર બનાવવાની નેમ**
- **આગામી પાંચ વર્ષના ઉન્નત-વિકસીત ગુજરાતના નિર્માણનો રોડમેપ વિકાસના પાંચ સ્તંભને આધારે તૈયાર કર્યો છે**












કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પ્રથમ ૧૦૦ દિવસ પૂર્ણ થવા અવસરે સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસ ઉજવણી પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, નાનામાં નાના માનવીને પણ ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસની મુખ્ય ધારામાં લાવ્યા છીએ. વિકાસનો સંવાહક-સાથીદાર અને સહભાગી બનાવ્યો છે. મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે તેમાં સૌના સાથ, સહકાર અને પ્રજાની સેવા ભાવના નિહિત છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે 'ટિમ ગુજરાત'ના પ્રજાવર્ગોને જે વચનો આપેલાં તે મક્કમતાથી પાળી બતાવ્યા છે- જન જન સુધી વિકાસ પહોંચાડયો છે. ''વચન પાળ્યા છે, પાળીશુ ગુજરાતનું માન-સન્માન વધારીશુ'' એમ સ્પષ્ટપણે જણાવતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસ પથ પર અડગ નિર્ણય કર્યાથી આપણે આગળ વધ્યા છીએ. પ્રજાએ બે દાયકાના વિકાસમાં વિશ્વાસ-ભરોસો મુકીને અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વના સમર્થનથી આ વર્ષ ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન આપ્યું છે તેનો આ તકે તેમણે રૂણ સ્વીકાર કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સમાજના છેવાડાના માનવી અંતિમ છૌરના વ્યક્તિની ચિંતા કરીને આપણે બહુ આયામી વિકાસ આયોજન પાર પાડયા છે. એટલું જ નહિ, પ્રજાહિતમાં કડક નિર્ણયો પણ લીધા છે. ભરતી પરિક્ષામાં ગેરરીતિ આચરનારાઅને પેપર લીક કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહિનું વિધેયક, યાત્રાધામોમાં ગેરકાયદેસરના દબાણો દૂર કર્યા છે તથા દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરી છે અને માદક દ્રવ્યો સામે ઝિરો ટોલરન્સથી પેશ આવી ડ્રગ્સ વિરોધી ઝૂંબેશ પણ સફળતાથી આદરી છે. આ સરકાર જનસેવાની સંવેદનશીલતાથી સૌના હિતને અહેમિયત આપે છે તેની વિસ્તૃત ભૂમિકા આપતાં મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, વ્યાજખોરીના દૂષણથી નાના-ગરીબ લોકોને મુકિત અપાવવા રાજ્યમાં ૪ હજાર લોકદરબાર યોજયા છે અને પી.એમ. સ્વનિધિ અન્વયે ૨૫૦ કરોડથી વધુની રકમ લોન તરીકે આપી આવા જરૂરતમંદ લોકોને આત્મનિર્ભર બનાવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આરોગ્ય, શિક્ષણ અને સલામતિ જેવા પાયાના ક્ષેત્રોમાં લોકહિત કામો સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૩૦ હજાર આવાસો, શ્રમિકોના વેતનમાં ૨૫ ટકાનો વધારો, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદાનો વધુ પાંચ લાખ લોકોને લાભ જેવા ગરીબ કલ્યાણલક્ષી નિર્ણયોથી આ સરકારે જે કહેવું તે કરવું ની નેમ સાકાર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને ડબલ એન્જીન સરકારના બેવડા વિકાસની નવી ગતિ મળી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ૧૦૦ દિવસમાં ૯૦ હજાર કરોડ રૂપિયાના ઔદ્યોગિક રોકાણો માટેના એમ.ઓ.યુ થયા છે તેમજ ગ્રીન ગ્રોથને વેગ આપતાં કચ્છમાં ૪૦ હજાર કરોડનો ગ્રીન એમોનિયા પ્લાન્ટ સ્થાપવા માટે પણ એમ.ઓ.યુ થયેલા છે. મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે આગામી પાંચ વર્ષમાં વિકસીત-ઉન્નત-આત્મનિર્ભર ગુજરાતનું વિકાસ વિઝન પ્રસ્તુત કરતાં કહ્યું કે, ભારતને પાંચ ટ્રિલીયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં ગુજરાત અગ્રીમ યોગદાન આપવા સંકલ્પબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે આવનારા પાંચ વર્ષમાં સર્વગ્રાહી વિકાસનો રોડમેપ પાંચ સ્તંભના આધારે અત્યારથી જ તય કરી લીધો છે. આ પાંચ સ્તંભમાં ગરીબ અને જરૂરતમંદ વર્ગોની પાયાની સુવિધા-સોશિયલ સિક્યુરિટી માટે બે લાખ કરોડની જોગવાઈ બજેટમાં કરી છે. આ ઉપરાંત હ્યુમન રિસોર્સીસ ડેવલપમેન્ટ માટે ૪ લાખ કરોડ, વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા માટે પાંચ લાખ કરોડ, એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રી અને સર્વિસ સેકટરની આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે બે લાખ કરોડ અને ગ્રીન ગ્રોથ માટે બે લાખ કરોડ રૂપિયા સુનિશ્ચિત કર્યા છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત નીતિ આયોગના અહેવાલ અનુસાર ફાયનાન્સિયલ મેનેજમેન્ટમાં પ્રથમ ક્રમે છે અને આપણે દેશના જી.ડી.પી માં ૮.૩૬ ટકાના હાલના યોગદાનને ૧૦ટકાએ લઈ જવા પણ પ્રતિબદ્ધ છીએ. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અમૃતકાળમાં ગુજરાતના સર્વપોષી, સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસને સૌના સહયોગથી અમૃતમય બનાવવાની નેમ પણ વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ટિમ ગુજરાત તરીકે સરકારના પ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મયોગીઓ સાથે કર્તવ્યરત રહીને વિકાસ યાત્રા અવિરત રાખી અને ગુજરાતનો વિકાસ દેશ અને દુનિયા માટે પથદર્શક બને તેવું પ્રેરક આહવાન પણ કર્યુ હતું. આ અવસરે સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ પુસ્તિકાનું વિમોચન પણ તેમણે કર્યુ હતું. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદશ્રી સી.આર. પાટિલ, રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને આમંત્રિતો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે આ પ્રસંગે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ ચોક્કસ સમય મર્યાદામાં છેવાડાના માનવી સુધી પહોંચે તેવા ઉદેશ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ અન્વયે લક્ષ્યાંકો સિદ્ધ કરીને વિકાસ પર્વ ઉજવાઈ રહ્યું છે. રાજ્યના તમામ વિભાગોની પ્રજાલક્ષી વિકાસ યોજનાઓ માટે નીડ બેઝ્ડ પ્લાનીંગથી વિકાસની ખૂટતી કડીઓ અંગે અસરકારક આયોજન કરીને રાજ્ય સરકાર સર્વસમાવેશક વિકાસનો ધ્યેય સિદ્ધ કરવા આગળ વધી રહી છે તેમાં વહીવટીતંત્રના સંપૂર્ણ સહયોગની ખાતરી તેમણે આપી હતી. રાજયના જિલ્લા મથકોએ જિલ્લાકલેકટરશ્રીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.




# ગુજરાતના શ્રમયોગીઓના કલ્યાણ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ. ૫૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી: શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત

## શ્રમિકોને યોગ્ય વેતન પૂરું પાડવા રાજ્ય સરકાર દ્વારા તેમના લઘુતમ વેતનમાં આજસુધીનો સૌથી વધુ ૨૫ ટકા જેટલો વધારો કરાયો: રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ









## ગાંધીનગર ખાતે ૧૧ જેટલી શ્રમયોગી કલ્યાણકારી યોજનાના ૨૯૬૧ લાભાર્થીઓને રૂ. ૨.૭૦ કરોડથી વધુની સહાય વિતરણ કરાઈ

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત અને રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રમયોગી કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવાનો અને શ્રમ યોગીઓ માટે નવી મોબાઈલ મેડીકલ વાન લોકાર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોઈ પણ ઉદ્યોગ, કારખાના કે બાંધકામની સફળતાના મૂળમાં અનેક શ્રમિકોની મહેનત હોય છે. એટલે જ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર શ્રમિકોના કલ્યાણ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહી આયોજનબદ્ધ કામ કરી રહી છે. એટલા માટે જ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં શ્રમિકોના કલ્યાણ માટે રાજ્ય સરકારે રૂ. ૫૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી છે. મંત્રી શ્રી રાજપૂતે ઉમેર્યુ હતું કે, રાજયના શ્રમયોગીઓ સન્માનભેર જીવન જીવી શકે તે માટે તેમના શિક્ષણ, આરોગ્ય, આવાસઅને આહાર સહિતની જીવન જરૂરિયાતની સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. શ્રમયોગીઓને તેમના કામકાજના સ્થળે જ જરૂરી આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે રાજ્યમાં કુલ ૧૬ જેટલી મોબાઈલ મેડીકલ વાન કાર્યરત છે, જેમાં નવી ૮ વાનનો આજથી વધારો થતા રાજ્યમાં કુલ ૨૪ મોબાઈલ મેડીકલ વાનની સેવાઓ શ્રમિકોને મળશે. શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, ગુજરાતના શ્રમિકોની ચિંતા કરીને રાજ્ય સરકાર વખતો-વખત નવી શ્રમયોગી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી શ્રમિકોને મુખ્ય હરોળમાં લાવવાનું કામ કરી રહી છે. જેના પરિણામે ગુજરાતમાં આજે ૩૦ જેટલી શ્રમયોગી કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. શ્રમિકોને યોગ્ય વેતન મળે તે માટે રાજ્ય સરકારે શ્રમિકોના લઘુતમ વેતનમાં આજસુધીનો સૌથી વધુ ૨૫ ટકા જેટલો વધારો કર્યો છે. આ ઉપરાંત માત્ર પાંચ રૂપિયાના નજીવા દરે શ્રમિકોને ભોજન પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની ૧૧ જેટલી કલ્યાણકારી યોજનાના ૨૯૬૧ જેટલા લાભાર્થીઓને રૂ. ૨.૭૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી. શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત અને રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિનાદ્વારાનવી૦૮મોબાઈલમેડીકલ વાનનેફ્લેગઓફઆપીપ્રસ્થાનકરાવવામાં આવ્યું હતું. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, શ્રમ આયુક્ત શ્રી અનુપમ આનંદ, વેલ્ફેર કમિશ્નર શ્રી આર. ડી. સિંહ અને સભ્ય સચિવ શ્રી વી. આર. સક્સેના સહિત અધિકારીશ્રીઓ, વિવિધ યોજનાના લાભાર્થીઓ અને શ્રમયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કણસાગરા મહિલા કોલેજખાતે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી એક્ટ અંગે સેમીનાર યોજાયો



કમલમ્ ન્યુઝ,

રાજકોટ સ્થિત કણસાગરા મહિલા કોલજ ખાતે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પી.એસ. એન્ડ પી.અન.ડી.ટી. એકટ અંગે જાગૃતિ અર્થે સેમીનારનું આયોજન કરાયું હતું. દીપપ્રાગટય દ્વારા સેમીનારનો પ્રારંભ કરાવતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીએ કોઈપણ સમાજના સુનિયોજિત વિકાસમાં પુરૂષ સમકક્ષ મહિલાઓનુ યોગદાન પણ અનિવાર્ય છે તેમ જણાવતા જાતિય વિસંગતતાને કારણે ઉદભવતી લગ્ન વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થામાં ઉદભવતી મુશ્કેલીઓ અને તેના કારણે સમાજમાં ફેલાતી અન્ય ગંભીર સમસ્યાઓની વિસ્તૃત સમજ આપી હતી. આજે જયારે મહિલાઓ સમાજના દરેક ક્ષેત્રમાં અગ્રીમ હરોળમાં પોતાનું યોગદાન આપી રહી છે ત્યારે આધુનિક સમાજમાં મહિલાઓ દ્વારા જ આ વિસંગતતાને દુર કરવા પહેલ કરવામાં આવે તેવી અપીલ કરી હતી.

આ માટે રાજય સરકારે કરેલા કાયદાઓની જાણકારી આપી હતી. પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. કમીટીના ચેરમેન ડો. ભાવનાબેન જોષીપુરાએ ઉપસ્થિત તમામ વિદ્યાર્થીનીઓને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા "બેટી બચાઓ બેટી પઢાઓ" સુત્રને ચરિતાર્થ કરવા જાતિય પરીક્ષણ નિષેધ અંગે કરાયેલી કામગીરીની માહિતી અને કાયદાકીય જોગવાઈઓ સાથે મહિલાઓની સુરક્ષા અને શસશક્તિકણ માટે અમલી વિવિધ યોજનાઓ અને સુરક્ષા માટે સેવાઓ આપતી ૧૮૧ અભયમ જેવી વિવિધ સંસ્થાઓની પ્રવૃતિઓથી અવગત કર્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલશ્રી જયોતિબેન રાજયગુરૂએપણ પ્રાસંગિક ઉદબોધન કરતા મહિલાઓમાં સશક્તિકરણ માટે કાયદાકિય જાણકારી મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નિલેશ રાઠોડે કાર્યક્રમની રૂપરેખા આપી સૌનું શાબ્દીક સ્વાગત કર્યું હતું. જયારે કોલેજના આધ્યાપકશ્રી જયેશ ગોસ્વામીએ કાર્યક્રમના આયોજન માટે અને સહભાગી બનવા માટે દરેકનો આભાર દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં ડો. પી.કે. સિંધ જિલ્લા અરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, કોલેજના આધ્યાપકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

# ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ સરકાર




કમલમ્ ન્યુઝ,વડોદરા,

ગુજરાતે છેલ્લા બે દાયકામાં કરેલો વિકાસ દેશ-વિદેશના અર્થશાસ્ત્રીઓ, નીતિ નિર્ધારકો માટે એક કેસ સ્ટડી છે. એમાં પણ ગુજરાતનો કૃષિ ક્ષેત્રે થયેલો વિકાસ આજે દેશના અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ છે. ગુજરાત કૃષિ ક્ષેત્રે ડબલ ડિજિટમાં વિકાસ દર ધરાવતુ રાજ્ય છે. ગુજરાતની કૃષિ ક્ષેત્રે પ્રગતિ રાતોરાત નથી થઈ. ગુજરાતના ખેડૂતોની મહેનત અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે લિધેલાં પગલાઓના કારણે રાજયના કૃષિ વિકાસમાં આંખે ઉડીને વળગે એવી પ્રગતિ થઈ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં શરૂ કરેલી કૃષિ વિકાસની યાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલઅને કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સુપેરે આગળ ધપાવી છે. જેની પ્રતિતિ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થઈ. અંદાજપત્રમાં કૃષિમાં ગુણાત્મક વૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ, બાગાયત પાકો, ફાર્મ મિકેનાઈઝેશન, સ્માર્ટ ફાર્મિંગ તેમ જ એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેમ જ નવી સરકારની રચના બાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ કરવામાં આવેલા નિર્ણયો રાજ્યના ખેડૂતો પ્રત્યેકની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા જોવા મળે છે. રાજ્યના ખેડૂતોને ઉત્પાદિત ખેતપેદાશોને આંતરરાષ્ટ્રીય બજાર મળી રહે અને પોષણક્ષમ પ્રાપ્ત થાય તે આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં iNDEXTbની રાહે iNDEXT-Aની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં iNDEXT-Aની સ્થાપનાથી ગુજરાત વિશ્વમાં મોસ્ટ પ્રીફર્ડ એગ્રી બિઝનેશ ડેસ્ટિનેશન બનાવાની સાથે સાથે "ઈઝ ઓફ ડુઈંગ એગ્રી બિઝનેસ" માટે મહત્વની ભૂમિકા ભજવશે. રાજ્યનો ખેડૂતો સૂક્ષ્મ સિંચાઈ દ્વારા વધુ પાક લઈ શકે તેથી 'પર ડ્રોપ મોર ક્રોપ'ને પ્રોત્સાહન આપવા રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈના બજેટમાં ચાર ગણો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાતં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ ૧.૬૮ લાખથી વધુ ખેડૂતોને આશરે રૂ.૯૦ કરોડની સહાય સાથે ૧૩ જિલ્લામાં ૩૨ પ્રાકૃતિક ખેતી મંડળની રચના કરવામાં આવી છે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ૧૦ માર્ચથી ૯૦ દિવસ માટે ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે તુવેરની પ્રતિ ક્વિ. રૂ.૬,૬૦૦ અને ચણાની પ્રતિ ક્વિ. રૂ.૫,૩૩૫ તેમજ રાયડાની પ્રતિ ક્વિ. રૂ.૫,૪૫૦ના ટેકાના ભાવે ખરીદી શરૂ કરી છે. ૫ હજારથી વધુ પશુપાલકોને પશુપાલન વ્યવસાયની રોજિંદી કામગીરીના ખર્ચને પહોંચી વળવા માટેના કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ કરવામાંઆવ્યું છે. ખેડૂતોને માહિતી માર્ગદર્શન મળતુ રહે તે જરૂરી છે. રાજ્યના ૨,૫૩,૯૦૬ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે. તેમજ ૪૬,૪૯૮ ખેડૂતોને બાગાયતી કૃષિની વિશેષ તાલીમ અપાઈ છે. આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ-૨૦૨૩ અંતર્ગત રાજ્યના ૮ મહાનગરોમાં 'મેગા સિટી મિલેટ એક્સ્પો' યોજવામાં આવ્યો: ખેડૂતોને મિલેટ્સની ખેતી માટે તાલીમ આપવા જિલ્લા કક્ષાએ ૨૪ વર્કશોપ અને તાલુકા સ્તરે ૨૫૨ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ડુંગળી-બટાટા પકવતા ખેડૂતો માટેરાજ્ય સરકારે વધુ એક ખેડૂતહિતલક્ષી નિર્ણય કરી તેમની પડખે ઉભી રહી છે. રાજ્યના ડુંગળી-બટાટા પકવતા ખેડૂતો માટે રૂ. ૩૩૦ કરોડનું પેકેજ જાહેર કર્યુ છે. ૩૩,૮૯૬ કૃષિ વિષયક કુવાઓનું વીજળીકરણ થતા કિસાનોને તેમના ખેતરમાં પાણી વ્યવસ્થા વધુ સુલભ બની શકી છે. રોજડા અને ભુંડ જેવા પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે કાંટાળી તારની વાડ અને સોલાર ફેન્સીંગ બનાવવા સહાય માટે બજેટમાં રૂ.૪૦૦ કરોડની જોગવાઈ કરી છે. તેમ જ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત રૂ.૨૫૦ કરોડ ફાળવી ખેડૂત વિકાસની પહેલ કરી છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે સહાય આપવા રૂ.૨૦૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. એગ્રો અને ફુડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા રૂ.૨૦૦ કરોડની જોગવાઈ કરી છે. ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના હેઠળ રૂ. ૧૨૫ કરોડની ફાળવણી કરી ખેડૂત પરિવારો પ્રત્યને કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા નોંધાયેલી ગાયની નવી પ્રજાતિ "ડગરી"ને રાષ્ટ્રીય પશુ આનુવંશિક સંશાધનબ્યુરો (NBAGR) દ્વારા માન્યતા પ્રમાણપત્ર એનાયત કરાયુ છે. ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા ડિજિટલ ટેકનોલોજી અપનાવવાના ભાગ રૂપે સેવા સહકારીમંડળીઓનાકોમ્પ્યુટરાઈઝેશન માટે ગુજરાતની ૫,૭૫૪ સેવા સહકારી મંડળીઓની પસંદગી કરવામાં આવી છે. આ માટે ભારત સરકારના ફાળા સહિત કુલ રૂ.૧૨,૩૬૨.૭૨ લાખની માતબર રકમની આર્થિક જોગવાઈ વર્ષ ૨૦૨૩-૨૪ માટે કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પશુપાલન, ડેરી વિકાસ અને ગૌસંવર્ધન ક્ષેત્રની મુખ્ય બાબતોમાં ૧૨ દુધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપના માટે પશુ ખરીદી પર વ્યાજ સહાય તેમજ અન્ય આનુષાંગિક સુવિધાઓ માટે સહાયની યોજના માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ તેમજ ગાભણ અને વિયાણ થયેલ પશુઓ માટે ખાણ-દાણ સહાયની યોજના માટે રૂ. ૪૪ કરોડની જોગવાઈ કરીને પશુપાલકો ને સીધો જ લાભ થાય એવી ઉપલબ્ધ યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગૌવંશના નિભાવ માટે રાજ્યની ગૌશાળા-પાંજરાપોળો અમુલ્ય ફાળો આપી રહી હોય ત્યારે રાજ્યની આવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશનાં પોષણ અને નિભાવ માટે આર્થિક રીતે સહાયરૂપ થવા જીવદયાને વરેલી રાજય સરકારે ૨૦૨૨-૨૩ માટે જાહેર કરેલ "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના"ની સહાય માટે રૂ.૫૦૦ કરોડની જેટલી માતબર રકમની જોગવાઈ વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં કરાઈ છે. કૃષિકારોના સર્વાંગી વિકાસ માટે સરકાર મકકમ પગલાં લઈ રહી છે.

# મહુવા સુગર ફેક્ટરીમાં ઈથેનોલને ટેક્રરમાં લોડિંગ કરતી વખતે સ્પાર્ક થવાથી આગ ભભૂકી ઉઠી

## મેજર એક્સિડન્ટ હેઝાર્ડ ધરાવતા જોખમી કેમિકલ કારખાનાઓમાં સંભવિત કટોકટીના સંજોગોમાં સતર્કતા માટે મોકડ્રીલ યોજાઈ





કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

સુરત જિલ્લાના બારડોલી-મહુવા ઈન્ડસ્ટ્રીયલ પોકેટમાં આવતા વિવિધ એક્સિડન્ટ હેઝાર્ડ ધરાવતા જોખમી કેમિકલ કારખાનાઓમાં સંભવિત અકસ્માત સમયે કટોકટીના સંજોગોમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળી રહે તથા સંબંધિત વિભાગોમાં સતર્કતા જળવાઈ રહે એ હેતુથી મહુવા સુગર ફેક્ટરી, બામણીયા ખાતે ટેક્રરમાંથી ઈથેનોલ લિકેજ ઘટનાની મોકડ્રીલ યોજાઈ હતી. ઈથેનોલને ટેક્રરમાં લોડિંગ કરતી વખતે ઈથેનોલ લિકેજ થતા મેન્ટેનન્સ દરમિયાન સ્પાર્ક થવાથી આગ આગ ભભૂકી ઉઠી હતી. ઘટનાની ગંભીરતા અને ઈમરજન્સીને કાબૂમાં લેવા માટે કારખાનાની ફાયર એન્ડ સેફટી ટીમ દ્વારા કોશિશ કરવામાં આવી હતી.

પરંતુ આગ બેકાબુ બનતા ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરાઈ હતી. મદદ માટે લોકલ ક્રાઈસિસ ગ્રુપને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ફાયર, પોલીસ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આરોગ્ય વિભાગની ટીમો, એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમ તત્કાલ ઘટનાસ્થળે પહોંચી હતી. સૌની સતર્કતા અને સંયુકત પ્રયાસોથી આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. મોકડ્રીલમાં મહુવા અને બારડોલી મામલતદાર, સંયુક્ત નિયામક-ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી-સુરતના અધિકારીઓ, લોકલ ક્રાઈસિસ ગ્રુપના સભ્યો, મહુવા સુગર ફેક્ટરીના ડિરેક્ટર તૃષાર પટેલ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરીક્ષાના સુચારુ સંચાલન અને વ્યવસ્થાના ભાગરૂપે નિવાસી અધિક જિલ્લા કલેકટરશ્રી એમ.ડી.ચુડાસમાના અધ્યક્ષસ્થાને જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ

## પંચમહાલ જિલ્લાના ૦૯ કેન્દ્રો, ૧૦૪ બ્લોક પર કુલ ૨૦૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે



કમલમ્ ન્યુઝ,રાવ વિજેન્દ્ર યાદવ

આગામી તારીખ ૦૩ એપ્રિલ ૨૦૨૩ના રોજ ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષા સવારના ૧૦ કલાકથી બપોરના ૧૬ કલાક દરમિયાન યોજાવા જઈ રહી છે.જેના અનુસંધાને પંચમહાલ જિલ્લામાં નિવાસી અધિક જિલ્લા કલેકટરશ્રી એમ.ડી.ચુડાસમાના અધ્યક્ષસ્થાને જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક ગોધરા સ્થિત કલેકટર કચેરી વી.સી.હોલ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે નિવાસી અધિક જિલ્લા કલેકટરશ્રીએ ઉપસ્થિતોને સદર પરીક્ષાના સુચારુ સંચાલન, આયોજન અને જરૂરી વ્યવસ્થા અંગે સલાહ સૂચનો કર્યા હતા. પંચમહાલ જિલ્લાના ૦૯ કેન્દ્રો, ૧૦૪ બ્લોક પર કુલ ૨૦૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેમાં ગ્રુપ છમાં ૩૮૬, ગ્રુપ મ્માં ૧૬૩૯ અને ગ્રુપ છમ્માં ૦૫ મળી કુલ ૨૦૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તમામ પરીક્ષા સ્થળો ખાતે સી.સી.ટી.વી કેમેરાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. સદર પરીક્ષામાં પેપર ૧ ફિઝિક્સ ક્ર કેમેસ્ટ્રી, પેપર ૨ બાયોલોજી અને પેપર ૩ ગણિતનું લેવામાં આવશે. આજની બેઠકમાં જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી જીગ્નેશભાઈ પટેલ સહિત પરીક્ષા સમિતિના સબંધીત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સલામત સવારી, એસ ટી અમારી સુત્રને સાર્થક કરતા આહવા ડેપોના કંડકટર



## અમદાવાદ - આહવા બસમા મહિલા મુસાફર સામાન ભુલી જતા બસ કંડકટરે સામાન પરત કર્યો

કમલમ્ ન્યુઝ,આહવા

એસ ટી તંત્ર અને કર્મચારીઓની ફરજ નિષ્ઠા અને પ્રમાણિકતાને ઉજાગર કરતો આહવા એસ ટી ડેપોને કિસ્સો પ્રકાશમા આવતા " સલામત સવારી, એસ ટી અમારી " સૂત્ર સાર્થક થવા પામ્યુ છે. તા. ૨૩ માર્ચ ૨૦૨૩ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે અમદાવાદ થી આહવા માટે ઉપડતી એસ ટી બસમા એક પરિવાર અમદાવાદ થી વડોદરા સુધી ની મુસાફરી માટે પોતાના જરૂરી સામાન સાથે બસમા સવાર થઈ વડોદરા પોતાની મુસાફરી પૂર્ણ કરી બસમા થી ઉતરી ગયા બાદ, ઘરે જઈ પોતાનુ સામાન તપાસતા રોકડ રકમ સહિત અગત્યના સામાન સાથે એક મહિલાનું પર્સ ક્યાંક ખોવાઈ જવાની જાણ થતા મુસાફરો ચિંતામા મુકાયા હતા. અમદાવાદ-આહવા રૂટની બસના ફરજ ઉપરના કંડકટર કર્મચારી શ્રી સોલંકી રાજેશકુમાર લક્ષ્મણસિંહ આહવા, ડેપો કંડકટર બેજ.નં ૫૪૭ ની સમય સુચકતા થી ખોવાયેલપાકીટ તેઓના કબજામા આવતા, સહી સલામત આહવા ડેપો ખાતે જવાબદાર અધિકારીને જમા કરાવ્યુ હતુ. આહવા એસ ટીના કર્મચારીઓ દ્વારા માલસામાન અંગે તપાસ કરી મહિલાને જાણ કરી હતી. સાથે ખોવાયેલ પર્સ સહી સલામત એસ ટી ડેપો આહવા ખાતે છે તે અંગેની જાણ પણ મહિલાને કરવામાં આવી હતી. મહિલા દ્વારા સામાનની ઓળખ કરી તમામ ચીજ વસ્તુ તેમજ રોકડ ૧૦,૦૦૦ ની મત્તા સહી સલામત મેળવી ખુશી ની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે આહવા ડેપો મેનેજર શ્રી પરમાર તેમજ કંડકટર કર્મચારીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# નર્મદા જિલ્લામાંથતી નર્મદા મૈયાની એકમાત્ર ઉત્તરવાહીની પરિક્રમામાં શ્રદ્ધાળુઓને કોઈપણ તકલીફ નપડે તેમાટેજિલ્લા વહીવટી તંત્ર ખડેપગે, તકેદારીના લેવાયેલા વિવિધ પગલાં

## નર્મદા નદી પારકરવા શ્રદ્ધાળુઓ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૫ બોટની કરાયેલી વિશેષ સુવિધા :પોલીસ વિભાગ દ્વારા થઈ રહેલી રાઉન્ડ-ધી-ક્લોક સુરક્ષા વ્યવસ્થાની સરાહનીયકામગીરી



કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

સમગ્ર ભારતવર્ષમાં એક માત્ર નર્મદા મૈયાની પરિક્રમા થાય છે. તેમાં પણ ઉત્તરવાહીની પંચકોશીપરિક્રમાનું વિશેષ મહત્વ રહેલું છે. જે નર્મદા જિલ્લામાંથી નર્મદા મૈયાઉત્તર દિશા તરફ વહેતી હોવાથી ઉત્તારવાહિની નર્મદાની પરિક્રમા થાય છે. તેમાં સામેલથવા માટે દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આવે છે. નર્મદા મૈયાની પરિક્રમા અર્થે આવતાશ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે તે માટે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાનામાર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેમજજરૂર જણાય ત્યારે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રી,મામલતદારશ્રી અને અન્ય અધિકારી-કર્મચારીશ્રીઓ દ્વારા રાઉન્ડ-ધ-ક્લોક શ્રદ્ધાળુઓનીસુવિધા લક્ષી કામગીરી કરવામાં આવી રહી છે.

## જિલ્લા આરોગ્યવિભાગ દ્વારા અલગ અલગ બે ટીમોની કરાયેલી વ્યવસ્થા :નર્મદા નદી કિનારે મગરની શક્યતાઓ જોતાં સાવચેતી માટે જરૂરી બોર્ડ લગાવાયાં

**શ્રદ્ધાળુઓ સમયસરપરીક્રમા પૂર્ણ કરી શકે તે માટે ૨૫ બોટની કરાયેલી સુવિધા**

નાંદોદ તાલુકાના રામપુરા ગામે આવેલા રણછોડરાયજીમંદિર ખાતેથી ચૈત્ર મહિનામાં નર્મદા નદીની પંચકોશી પરિક્રમા શરૂ થાય છે. જેતિલકવાડા તાલુકાના નાગેશ્વર મંદિર થઈને પરત રામપુરા ગામે પહોંચે છે. પગપાળા ચાલીનેજતા શ્રદ્ધાળુઓને નર્મદા નદી પાર કરવામાં કોઈ તકલીફ ન પડે તેવા હેતુ સાથે જિલ્લાકલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બંનેજગ્યાએ બોટ ચલાવવા માટે ઈજારદારોને સંચાલન સોંપી કુલ ૨૫ જેટલી બોટની સુવિધા ઉભીકરવામાં આવી છે. પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓ આ બોટ મારફતે સુરક્ષિત રીતે નદીપાર કરી આસ્થાપૂર્વક પરિક્રમા પૂર્ણ કરી રહ્યા છે.

**જિલ્લા પોલીસ વિભાગદ્વારા પરિક્રમા વાસીઓની સુરક્ષાની લેવાઈ રહેલી તકેદારી**

જિલ્લા પોલીસવડા શ્રી પ્રશાંત સુંબેની રાહબરીમાં પરીક્રમા વાસીઓને કોઈ તકલીફ ન પડે અને ભયમુક્ત વાતાવરણમાં પરિક્રમા પૂર્ણ કરે તેવા હેતુ સાથે પરીક્રમા પથ ઉપર અને જ્યાં નદી ઓળંગવાની થાય છેતેવા બંને સ્થળોએ ૨૪ કલાકનો પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. જેમાં ૦૧ પીઆઈ, ૦૨-પીએસઆઈ, ૨૮ પોલીસ જવાનો, ૩૨ – હોમગાર્ડના જવાનો, ૭૦ જીઆરડી અને ૧૧ એસઆરડીનો સમાવેશથાય છે. માત્ર એટલું જ નહીં પણ શનિવારે અનેરવિવારની રજા તથા જાહેર રજાના દિવસોમાં પરિક્રમા વાસીઓની સંખ્યા વધુ થતી હોવાથી તેવાસંજોગોમાં જરૂરિયાત મુજબ વધારાનો પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવે છે. રાત્રિના સમયેપરિક્રમા કરતા શ્રદ્ધાળુઓને કોઈ સમસ્યા ન સર્જાય તેવા હેતુ સાથે પોલીસ અનેહોમગાર્ડના જવાનો લાઈટ બેટન થકી પરિક્રમા વાસીઓને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

**આરોગ્ય વિભાગદ્વારા અલગ અલગ બે ટીમોની કરાયેલી વ્યવસ્થા**

નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગદ્વારા પરિક્રમા વાસીઓની આરોગ્યલક્ષી સુવિધાઓ માટે બે અલગ-અલગ ટીમોની વ્યવસ્થાકરવામાં આવી છે. જેમાં કોઈ શ્રદ્ધાળુને પ્રાથમિક સારવારની જરૂર જણાય તો તેનીસુવિધા પુરી પાડવામાં આવે છે. જયાંથી પરિક્રમાનો શુભારંભ થાય છે તેવારણછોડરાયજી મંદિર પાસે એક યુનિટ ઉભું કરવામાં આવ્યું છે. જ્યાં મહિલા અને પુરુષઆરોગ્ય કર્મીઓની ટીમ મેડીકલ ઓફિસરશ્રીના સંકલનમાં રહીને આરોગ્યલક્ષી જરૂરી કામગીરીકરી રહી છે. સાથોસાથ અહીં આવતા શ્રદ્ધાળુઓ જેમને જરૂરિયાત હોય તેમને એનસીડીઅંતર્ગત બીઆરએસ બ્લડ અને સુગરના ટેસ્ટિંગ કરવામાં આવે છે. તેમજ શ્રદ્ધાળુઓનેકોવિડ-૧૯ અંગેની જાગૃતિ સાથે સાવચેતીના ભાગરૂપે માસ્ક અને સેનેટાઈઝરની સુવિધા પણઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**નર્મદા નદી કિનારેમગરની શક્યતા જોતાં સાવચેતી માટે જરૂરી બોર્ડ લગાવાયાં**

ઉત્તરવાહીની-પંચકોશી પરિક્રમા અર્થેઆવતા શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારે જીવનું જોખમ ઉભું ન થાય તે માટે પૂરતી તકેદારીજિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને નર્મદા નદીમાંવિવિધ વિસ્તારોમાં મગરનો વસવાટ હોવાથી તેની શક્યતાઓને લઈને શ્રદ્ધાળુઓને કોઈ તકલીફન જણાય તેવા હેતુ સાથે ચેતવણી દર્શાવતા બોર્ડ પણ વિવિધ સ્થળોએ નદી કિનારે મૂકવામાંઆવ્યા છે. રાત્રિના સમયે શ્રદ્ધાળુઓને નદી પાર કરવામાં કોઈ તકલીફ ન જણાય તે માટેબોટના ઈજારદારને અપાયેલી સૂચના મુજબ વીજળીની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. નર્મદા પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓ માટેપ્રવાસન વિભાગને સાથે રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોબાઈલ ટોયલેટ સુવિધાપણ વિવિધ સ્થળોએ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. માત્ર એટલું જ નહીં પણ સ્થાનિક ગ્રામજનો,અગ્રણીઓ, નર્મદા નદી કિનારે આવેલા વિવિધ આશ્રમના સંચાલકો દ્વારા ચા, નાસ્તા અને ભોજનનીપણ પુરતા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

